





ગુરુવારે અમદાવાદ ખાતે એબીવીપી અને યુવા મોરચાના યુવાનોએ વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાવાની જાહેરાત કરી હતી.

### કાયદો અને વ્યવસ્થા જાળવવાનો મુખ્ય હેતુ

# અન્ય અનેક રાજ્યના ટોચના અધિકારીઓની નિમણૂંક થશે

## બીજા તબક્કાની ચૂંટણી પરિપૂર્ણ ન થાય ત્યાં સુધી મુખ્ય જવાબદારી સોંપાશે

અમદાવાદ,તા. ૮

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા તથા શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ મતદાનની ખાતરી કરવા ચૂંટણી પંચ દ્વારા તમામ તૈયારી કરી લેવામાં આવી છે. મળેલી માહિતી મુજબ ચૂંટણી પંચ આની ખાતરી કરવા અન્ય રાજ્યોમાંથી ૨૬ જેટલા વરિષ્ઠ અધિકારીઓની નિમણૂંક કરવા ઈચ્છે છે.

આના માટેનો નિર્ણય પણ લેવામાં આવી ચૂક્યો છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા ડીઆઈજી અને આઈજીના રેન્ક સુધીના અન્ય રાજ્યોના અધિકારીઓને ફરજ ઉપર લેવામાં આવશે. ચૂંટણી પંચના અધિકારીઓનું કહેવું છે કે અન્ય રાજ્યોમાંથી બોલાવવામાં આવ્યા બાદ તેમને ખાસ જવાબદારી સોંપવામાં આવશે. તેમને જવાબદારી પોલીસ ફોર્સની તૈનાતી અને કાયદા અને વ્યવસ્થા ઉપર ૧૭મી જાન્યુઆરી સુધી સંપૂર્ણ અંકુશ મેળવવા માટેની રહેશે. ગુજરાતમાં બે તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે જેમાં પ્રથમ તબક્કામાં ૧૩મી અને બીજા તબક્કામાં ૧૭મી ડિસેમ્બરના દિવસે મતદાન યોજાશે.

આચાર સહિતાને કઠોર રીતે અમલી બનાવવામાં આવી ચૂકી છે. હજુ સુધી પાંચ સ્કવોર્ડ દ્વારા ૨૨.૫૬ કરોડની બિન હિસાબી સંપત્તિ પકડી પાડવામાં આવી છે. છઠ્ઠી નવેમ્બર સુધી ઈન્કમટેક્સ વિભાગે બિન હિસાબી રોકડ બદલ ૧૩૪ કેસો નોંધાયા છે.

અન્ય ચીજવસ્તુઓ પણ કબજે કરવામાં આવી છે. ચૂંટણી પંચે તમામ રાજકીય પક્ષોની ગતિવિધીઓ પર બાજ નજર રાખી છે. આગામી દિવસોમાં વધુ બિનહિસાબી રકમ જપ્ત કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આ વખતે કેટલાક નવા નિયમો પણ અમલી બનાવવામાં આવ્યા છે. ઉમેદવારના ખર્ચ માટેની રકમ ૧૬ લાખ નક્કી કરવામાં આવી છે. ભાજપ અને કોંગ્રેસ જેવા મોટા પક્ષોના કાર્યકરો આચાર સહિતાને લઈને સાવધાન બનેલા છે અને કોઈપણ પ્રકારના વિવાદમાં ફસાવા માગતા નથી. પરંતુ ચૂંટણી પંચ અન્ય રાજકીય પક્ષો અને કાર્યકરો ઉપર પણ નજર રાખી રહી છે. ચૂંટણીની તૈયારીઓને લઈને અધિકારીઓને ટ્રેનીંગ પણ આપવામાં આવી છે.

### અકોટા બેઠક પર ખેંચતાણની સ્થિતિ

# કોંગ્રેસ-એનસીપી વચ્ચે બેઠક વહેંચણી પ્રશ્ને મંત્રણાનો દોર

## એનસીપી અને કોંગ્રેસ બંને આ બેઠક ઉપર ચૂંટણી લડવા ઈચ્છુક : ટિકિટ મળી જશે તેવા દાવા પણ કરવામાં આવ્યા

અમદાવાદ,તા. ૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે બેઠકોની વહેંચણીની વ્યવસ્થાના મામલે કોંગ્રેસ અને એનસીપી વચ્ચે વાતચીતનો દોર ચાલી રહ્યો છે પરંતુ અકોટા બેઠકને લઈને બંને પક્ષો ખેંચતાણની સ્થિતિમાં દેખાઈ રહ્યા છે. વાતચીત દરમિયાન આ બેઠક કોને મળવી જોઈએ તેને લઈને બંને પક્ષો લડાયક બનેલા છે.

આ બેઠક ઉપર ટિકિટ મેળવવા એનસીપી અને કોંગ્રેસના નેતાઓ લડાયક બનેલા છે. આ બેઠક તાજેતરમાં જ નવી રચવામાં આવી છે. બંને પક્ષોના નેતાઓનો દાવો છે કે તેઓ આ બેઠક મેળવવામાં સફળ રહેશે. એનસીપી શહેર એકમના પ્રમુખ નિલેશ પટેલનું કહેવું છે કે તેમની પાર્ટી અકોટા માટે ઉમેદવાર તરીકે તેમને જાહેર કરી ચૂકી છે. બીજી બાજુ કોંગ્રેસના નેતા અને ભૂતપૂર્વ ડેપ્યુટી મેયર જતીન મોદી પણ આ બેઠક માટે પ્રબળ દાવેદાર દેખાઈ રહ્યા છે.

જતીન મોદીને વિશ્વાસ છે કે એનસીપી આ બેઠક તેમને આપશે. અકોટા બેઠક પરથી તેઓ ચૂંટણી લડવા માગે છે. આના માટેની તૈયારી પણ શરૂ કરી લીધી હોવાનો દાવો જતીન મોદીએ કર્યો છે. આ બેઠક પરથી ચૂંટણી લડવા ટિકિટ મળી જશે તેવો વિશ્વાસ પણ છે. કોંગ્રેસની અંદર આ મુદ્દે ચર્ચા થઈ રહી છે. એનસીપી વડા શરદ પવારના સંબંધી તરીકે મોદી છે. મોદીના પત્ની અને પવારના પત્ની નજીકના સંબંધી છે. એનસીપીના ઉમેદવાર પટેલના દાવા અંગે પૂછવામાં આવતા મોદીએ કહ્યું છે કે પવાર સાથે તેમના ખૂબ નજીકના સંબંધ છે જેથી ફાયદો થશે. અકોટામાં ૨.૧૨ લાખ મતદારો છે. આમા તમામ સમુદાયના લોકો છે જેથી અહીની ચૂંટણી નિર્ણાયક સાબિત થઈ શકે છે. કોંગ્રેસના નેતાના દાવા અંગે અંગે પૂછવામાં આવતા વાતચીત ચાલી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે. બંને પક્ષોના ટોચના નેતાઓ આ બેઠક ઉપર ઉમેદવાર કોણ રહેશે તે અંગે ટૂંક સમયમાં નિર્ણયની જાહેરાત કરશે. હાલમાં તમામ બેઠકો પર ઉમેદવારને લઈને ચર્ચાનો દોર ઝડપથી આગળ વધી રહ્યો છે. ભાજપ અને કોંગ્રેસ બંને વહેલી તકે ઉમેદવારો જાહેર કરવાની યોજના ધરાવે છે.

# બલ્ક એસએમએસનો દુરુપયોગ અટકાવવા નોડલ અધિકારીની નિમણૂંક

ગાંધીનગર, તા. ૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચારસંહિતાનો અમલ કરવામાં આવી રહેલ છે, જેમાં આ વખત બલ્ક એસએમએસ દ્વારા કરાતા પ્રચાર અને પ્રસાર સામે તકેદારી રાખવામાં આવેલ છે. જેમાં મહેસાણા જિલ્લામાં એસએમએસનો દુરુપયોગ અટકાવવા માટે નોડલ અધિકારી તરીકે નાયબ પોલીસ અધિક્ષક એમ પી રાઓલની નિમણૂંક કરવામાં આવી છે. જેમના સંપર્ક નંબર (ઓ) ૦૨૭૬૨ - ૨૨૨૧૨૭ અને (મોબાઈલ) ૯૮૨૫૦૯૩૨૨૬ છે.

કોઈપણ વ્યક્તિને વિવાદાસ્પદ રાજકીય પ્રચાર દર્શાવતા એસએમએસ મળે જેમાં ચૂંટણીના કાયદા મોડેલ કોડ ઓફ કન્ડક્ટ અને આ સંદર્ભે ચૂંટણી કમિશનરની માર્ગદર્શક સૂચનાઓનું ઉલ્લંઘન થતું હોય તો તેની ફરિયાદ સારૂ ફરિયાદીને આવા એસએમએસ મોકલનારના મોબાઈલ નંબર સાથે પોલીસ વિભાગના મોબાઈલ નંબરો ૮૫૧૧૫ ૦૧૭૦૦, ૯૭૨૩૦ ૧૬૯૦૦, ૯૯૭૮૪૦૫૩૯૬ ઉપર જાણ કરવા જણાવાયું છે.

# ચૂંટણી પંચ દ્વારા સમગ્ર રાજ્યમાં ચૂંટણી આચાર સંહિતાનો અમલ

ગાંધીનગર, તા. ૮

ચૂંટણી દરમિયાન નાણાંકીય દુરૂપયોગ અટકાવી શકાય અને તે દ્વારા આદર્શ આચાર સંહિતાનો અમલ કરી શકાય તે હેતુથી રાજ્યમાં ૫૮૭ સ્ટેટીક સર્વેલન્સ ટીમ અને ૧૮૨ ફલાઈંગ સ્કૉડ અસરકારક રીતે કાર્યરત છે. આ બંને ટીમો દ્વારા અત્યાર સુધીમાં તા. ૬ નવેમ્બર, ૨૦૧૨ સુધીમાં કુલ ૧૬૫ જેટલા કિસ્સાઓમાં કાર્યવાહી કરી રૂા. ૨૨.૫૬ કરોડ જેવી બિનહિસાબી રકમ પકડવામાં આવી છે. જો કે, આ પકડાયેલી રોકડ રકમ પૈકીનાં રૂા. ૨૨.૨૦ કરોડ આયકર વિભાગને સોંપવામાં આવ્યાં છે. મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી અનિતા કરવલે આ માહિતી આપતા કહ્યું હતું કે, આયકર વિભાગ દ્વારા તા. ૬૦૧૧-૨૦૧૨ સુધીમાં ૧૩૪ કેસો દાખલ કરવામાં આવ્યાં છે. આ ૧૩૪ કેસ દરમિયાન રૂા. ૨૨.૨૦ કરોડ જેવી બિનહિસાબી માતબર રકમ હસ્તગત કરવામાં આવી છે. સ્ટેટીક સર્વેલન્સ ટીમ અને ફલાઈડ સ્કૉડની કામગીરી દરમિયાન રૂા. ૧૯.૯૦ કરોડ જેવી રકમ પરત પણ કરવામાં આવી છે. જયારે રૂા. ૫૩.૯૦ લાખ ચલણથી તિજોરીમાં જમા કરવામાં આવ્યા છે. રૂા. ૧.૭૬ કરોડની રોકડ જપ્ત કરવામાં આવી છે. સ્ટેટીક સર્વેલન્સ ટીમ અને ફલાઈડ સ્કોડની કામગીરી દરમિયાન અન્ય ગેરકાયદેસર વસ્તુઓ પણ પકડી પાડવામાં આવી છે. જેમાં રૂા. ૬૦ લાખના મૂલ્યની ૧૦૦ કિલો ગ્રામ ચાંદી, રૂા. ૪.૫૪ કરોડનું મૂલ્ય ૧૬૬૬૭.૪૧ ગ્રામ સોનું, ૧૫૪ ઘડિયાળો, ૬ મોબાઈલ ફોન, ૧૪ વાહનો, રૂા. ૧૩.૮૨ લાખનાં મૂલ્યનાં હથિયારો તથા કેફી પદાર્થો જેમાં ૩૪૫૫.૭૦ કિલો વજનનાં પોશડોડાની ૯૮ ગુણી તથા કેફી દ્રવ્યો જપ્ત કરવામાં આવી છે.

### શિક્ષણ વિભાગના કર્મચારીઓની મદદ લેવાઈ

# અમદાવાદ જિલ્લામાં કુલ ૪૫ લાખને ઓળખપત્ર મળી ગયા

## મતદાર જાગૃતિ અભિયાન કાર્યક્રમ થયો : મોટી સંખ્યામાં મતદારો મતદાન કરે તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન

અમદાવાદ, તા. ૮


ગુજરાત વિધાનસભાની માહે ડિસેમ્બર ૨૦૧૨માં યોજાનાર સામાન્ય ચૂંટણીમાં મતદારો પોતાની ફરજ ચોક્કસ રીતે અદા કરી શકે તથા યુવાનો -મહિલા મતદારો મોટી સંખ્યામાં મતદાન કરી શકે તે માટે મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત જયશંકર સુંદરી હોલ, રાયખડ, અમદાવાદ મુકામે મતદાર જાગૃતિ અભિયાનનો એક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર વિજય નહેરાએ ઉપસ્થિત સૌ શિક્ષકગણને પોતાના મતદાન અધિકારની પવિત્ર ફરજ બજાવી, પોતે મતદાન કરવા તથા અન્ય લોકોને પણ મતદાન કરવા માટે પ્રેરિત કરવા વિગતવાર સમજ આપી હતી. સાથે સાથે જિલ્લામાં શિક્ષણ વિભાગના કર્મચારીઓ/ અધિકારીઓની મદદથી ૪૫ લાખ જેટલા મતદાતાઓને મતદાન ઓળખપત્ર પહોંચાડવાની ભગીરથ કામગીરી પુર્ણ કરેલ હતી તેમ જણાવ્યું હતું. ચીફ નોડલ ઓફીસર તથા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ. જે. શાહ મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત મતદાન અંગેની વિગતવાર જાણકારી આપી હતી. અને ઉપસ્થિત તમામને પોતે મતદાન કરવા તથા અન્યને મતદાન કરવા માટેના શપથ લેવડાવ્યા હતા. તેમજ શિક્ષણ વિભાગ દ્વારા ચૂંટણી અંગેની ફરજો માટેની કામગીરીને બિરદાવી હતી. કાર્યક્રમમાં જિલ્લાના અન્ય અધિકારીઓ, જિલ્લા શિક્ષણાધિકારી (શહેર), (ગ્રામ્ય), જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તેમજ શાસનાધિકારી મ્યુનિસિપલ કોર્પોરેશન, તેમજ મોટી સંખ્યામાં શિક્ષક ભાઈઓ તથા બહેનો હાજર રહ્યા હતા.

### ધનશ્યામ ઓઝાને હટાવી ખુરશી પર બેઠાં,૧૪ વર્ષના વનવાસ પછી ફરી મુખ્યમંત્રી

# ચીમનભાઈ પટેલે રાજકારણમાં કિંગ મેકરની ભૂમિકા ભજવી

## ૧૯૯૦ની ચૂંટણીમાં ૭૦ બેઠકો સાથે ભાજપનો ટેકો લીધો, પણ સંવનન વધુ ચાલ્યું નહી, કોંગ્રેસનો ટેકો માગી પાર્ટીને ગળી ગયા

**ગુજરાતની ભૂમિના રાજા**




\- ગૌતમ પુરોહિત

॥ સાતમો મણકો ॥

ધનશ્યામ ઓઝાની સરકારમાં ૨૭મી જૂન-૧૯૭૩ના રોજ તેમના પક્ષના ધારાસભ્યોએ અવિશ્વાસ વ્યક્ત કરી દેતાં સરકાર મુશ્કેલીમાં આવી હઈ હતી. અમદાવાદથી સોળ કિલોમીટર દૂર પંચવટી નામના એક ફાર્મમાં જુલાઈ-૧૯૭૩ના -રંભે બળવાખોર ધારાસભ્યોને એકત્રિત કરનાર મુખ્ય નેતાઓમાં ચીમનભાઈ અને કાન્તિલાલ ધીયા હતા. ધનશ્યામ ઓઝા ત્યારે નવી દિલ્હી ઉપડી ગયા હતા. આ ઘટનાઓ ગુજરાતે -થમ વખત જોઈ હતી.

ધનશ્યામ ઓઝાએ ૧૩મી માર્ચ-૧૯૭૩ના રોજ રાજીનામું આપતાં અને નવી દિલ્હીથી હાઈકમાન્ડનું ફરમાન થતાં ૧૭મી જુલાઈ-૧૯૭૩ના રોજ ચીમનભાઈ પટેલે મુખ્યમંત્રીપદ સંભાળ્યું હતું. તેમના મંત્રીમંડળમાં ૧૧ મંત્રીઓ, ત્રણ રાજયમંત્રીઓ તથા ૫ નાયબ મંત્રીઓ હતા.

કોંગ્રેસ પાર્ટી એ વખતે ગુજરાતના શક્તિશાળી બનતા જતા નેતા ચીમનભાઈથી ડરી ગઈ હતી. ચીમનભાઈ પટેલની સંસદીય કારકીર્દી ૧૯૬૭થી શરૂ થઈ હતી. ત્યારથી જ તેઓઁ કંગિ મેકર નો રોલ ભજવતા આવ્યા હતા પરંતું ગુજરાતમાં ધનશ્યામ ઓઝાની સહિષ્ણુ સરકારને ઉથલાવીને સત્તાસ્થાને બિરાજેલા ચીમનભાઈ પટેલ પણ સુખેથી રાજ કરી શક્યા નહી.



એ દિવસ એટલે કે ૨૮મી જાન્યુઆરી-૧૯૭૪ અમદાવાદના રાજમાર્ગો પર સૈનિકોનો -વેશ થયો હતો. અહીં છેલ્લા એક મહિનાથી -જા અને પોલીસ વચ્ચેની અથડામણો અટકતી ન હતી. અચાનક શું બન્યું. જાન્યુઆરીથી શરૂ થયેલું આંદોલન...૨૦૦ થી વધારે સ્થાનો ઉપર મોંધવારી વિરૂદ્ધ બંધનો કાર્યક્રમ... ૧૯ જિલ્લાઓમાં ૩૫ થી વધારે સ્થાનો ઉપર ૮૦ થી વધુ લોકોનાં મૃત્યુ...

નાના મોટાં બે તૃતિયાંશ શહેરોમાં કરફ્યુ... ૧૯૭૪ના વર્ષનું ગુજરાત કંઈક આવું છે. ૧૯૫૯૮૪ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલા આ -દેશની વસતિ ૨.૬૬ કરોડ હતી, તેમાંથી ૧.૯૨ કરોડ લોકો શહેરોમાં વસતા હતા. એક મહિના સુધી ગુજરાતની જનતા અને રાજકારણ રગદોળાયું હતું. આ હતું નવનિર્માણ... વિદ્યાર્થીઓના ભોજનબીલમાં વધારો એકમાત્ર નિમિત્ત હતો. ગુજરાતમાં નવનિર્માણનું ઉગ્ર આંદોલન થતાં ૯મી ફેબ્રુઆરી-૧૯૭૪ના રોજ મુખ્યમત્રી પદેથી ચીમનભાઈ પટેલે રાજીનામું આપ્યું હતું અને વિધાનસભા સુષુપ્ત અવસ્થામાં રાખી દેવામાં આવી હતી.

નવનિર્માણની ચળવળ પછી ૧૫મી માર્ચ-૧૯૭૪ના રોજ ચોથી વિધાનસભાનું વિસર્જન કરી દેવામાં આવ્યું હતું. ગુજરાતનો રાજકીય ઈતિહાસ લખે છે કે ૯મી ફેબ્રુઆરી-૧૯૭૪ થી ૧૫મી માર્ચ-૧૯૭૪ સુધી પાંચમી વિધાનસભા સુષુપ્ત અવસ્થામાં મૂકવામાં આવી હતી અને ૯મી ફેબ્રુઆરી-૧૯૭૪ થી ૧૮મી જુલાઈ-૧૯૭૫ સુધી ગુજરાતમાં બીજી વખત રાષ્ટ્પતિશાસન લાગુ પાડવામાં આવ્યું હતું.

ભારતના વડા-ધાન ઈન્દિરા ગાંધી વિસર્જન પછી ગુજરાતમાં તાત્કાલિક ચૂંટણીઓ કરવા માટે ખાસ ઉત્સાહી ન હતાં.

રાષ્ટ્રપતિ શાસનને એક વર્ષથી વધુ સમય જતાં મોરારજી દેસાઈ ચૂંટણીઓ કરાવવા માટે રાષ્ટ્રપતિશાસનના વિરોધમાં ઉપવાસ પર તર્યા હતા અને અંતે ઈન્દિરા ગાંધી ચૂંટણી આપવા સંમત થયાં હતાં. ચૂંટણીની જાહેરાત થતાં ગુજરાતમાં સંસ્થા કોંગ્રેસ સામે જનસંઘ વગેરે પક્ષોનો જનતા મોરચો રચાયો હતો. દરમ્યાન, ૧૯૮૫ સુધી ચીમનભાઈ પટેલ ગુજરાતમાં રાજકીય વનવાસ ભોગવતા હતા.

તેઓ દસ વર્ષના વનવાસ પછી ૧૯૮૪માં ફરીથી રાજકારણમાં સક્રિય બન્યા હતા. આ સમય દરમ્યાન ગુજરાતમાં ફરીથી વિધાનસભાની ચૂંટણી થતાં માધવસંહિ સોલંકી અને બાબુભાઈ જ.પટેલ મુખ્યમંત્રીપદની ખુરશીમાં બેઠાં હતા. રાજકારણ આગળ વધતું ગયું અને માધવસિંહ સામે પણ વિરોધ થતાં અમરસિંહ ચૌધરીને ગુજરાતની ગાદી મળી હતી.(આ ત્રણ મુખ્યમંત્રીના કાર્યકાળ હવે પછીના એપિસોડમાં જોવા મળશે.)

**૧૪ વર્ષના વનવાસ પછી...**

૧૯૭૫ થી ૧૯૯૦માં ગુજરાતમાં ત્રણ વખત બીન કોંગ્રેસી સરકારોની રચના થઈ હતી. ચીમનભાઈ પટેલ ૧૯૮૫માં વિરોધપક્ષના નેતા બન્યા હતા. આઠમી ગુજરાત વિધાનસભાની રચના તા.૩જી માર્ચ-૧૯૯૦ના રોજ થઈ હતી. વિધાનસભામાં ૧૮૨ સભ્યોમાંથી જનતાદળ ના ૭૦, ભાજપના ૬૭, કોંગ્રેસના ૩૩ અને અપક્ષ ૧૨ સભ્યો હતા. ૪થી માર્ચ-૧૯૯૦ના રોજ ચીમનભાઈ પટેલના મુખ્ય મંત્રીપદે મંત્રીમંડળની સોગંદવિધિ થઈ હતી. ચીમનભાઈનો આ નવો અવતાર હતો. તેમના મંત્રીમંડળમાં ૧૫ મંત્રીઓ, ૬ રાજય મંત્રીઓ અને ૪ સંસદીય સચિવો હતા. વિધાનસભા અધ્યક્ષપદે શશીકાંત લાખાણી અને ઉપાધ્યક્ષપદે મનુભાઈ પરમાર ચૂંટાયા હતા.

ચીમનભાઈ ૧૯૯૦માં જનતાદળ તથા ભાજપની બનેલી સંયુક્ત સરકારના મુખ્યમંત્રી બન્યા હતા. ભાજપના સિનિયર આગેવાન કેશુભાઈ પટેલને મંત્રીમંડળમાં બીજું સ્થાન અપાયું હતું.૧૯૯૦ બાદ ચીમનભાઈ પટેલે પોતાનું રાજકીય વજન ખૂબ જ વધાર્યું હતું અને તેઓ રાષ્ટ્રીય રાજકારણમાં પણ અગત્યની વ્યક્તિ બની ગયા હતા. ગુજરાતનો અવાજ કેન્દ્રમાં રજૂ કરવામાં તેમજ નર્મદા યોજના માટે તેઓ એકપછી એક જંગ જીત્યા હતા. આ વર્ષમાં જ ૨૬મી ઓક્ટોબર-૧૯૯૦ના રોજ વાંધો પડતાં તેમની સરકારને ભાજપે લઘુમતિમાં મૂકી દીધી હતી.

ભાજપે છેડો ફાડતાં ચીમનભાઈને પોતાની માતૃસંસ્થા કોંગ્રેસનો સહારો લેવો પડ્યો હતો અને પોતાની બહુમતી જાળવી હતી. કોંગ્રેસના બહારના ટેકાથી તેઓએ તા.૧લી નવેમ્બર-૧૯૯૧ના રોજ ગૃહમાં બહુમતી પુરવાર કરી હતી.પાછળથી તેઓ તેમના જનતાદળ(ગુ.) સાથે કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા અને કોંગ્રેસની સરકાર તરીકે તેઓએ પોણા ચાર વર્ષ રાજય કર્યુ હતું.

તેમની સરકારમાં અધ્યક્ષ શશીકાંત લાખાણીએ મંત્રી થવા અધ્યક્ષપદેથી રાજીનામું આપતાં ૧૧મી ફેબ્રુઆરી-૧૯૯૧ના રોજ હંમિતલાલ મુલાણી અધ્યક્ષપદે ચૂંટાયા હતા અને કેશુભાઈ પટેલ વિરોધપક્ષના નેતાપદે નિમાયા હતા. ઉપાધ્યક્ષ મનુભાઈ પરમારના રાજીનામાથી ખાલી પડેલ જગ્યા ઘણો વખત ખાલી રહી હતી. ભાજપે ઉપાધ્યક્ષપદ માટે ફકીર વાઘેલાનું નામ મૂકતાં ચીમનભાઈ છંછેડાયા હતા. તેઓ આ પદ ભાજપને આપવા તૈયાર થયા ન હતા. પાછળથી ૧૬મી ઓગષ્ટ-૧૯૯૩ના રોજ અપક્ષ ધારાસભ્ય માનસંહિ પટેલ ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા.

વિશ્વાસ મત લેવાની જોગવાઈ ન હોવા છતાં સરકારે પક્ષેથી વિશ્વાસ મત લેવાનો ગુજરાતના ઈતિહાસમાં આ -થમ -સંગ હતો. કોંગ્રેસના ટેકાથી સરકાર ચલાવતા હોવાથી તેઓ સતત દબાણ હેઠળ રહ્યા હતા. તેઓ એક કુશળ વહીવટકર્તા હતા પણ રાજકીય -વૃત્તિમાં તેઓ ગળાડુબ રહેતા હોવાથી તેઓને વહીવટી કૌશલ્ય દેખાડવાનો મોકો જ મળ્યો ન હતો.

ગુજરાતના રાજકારણમાં -થમ વખત બે નાયબ મુખ્યમંત્રીઓની વરણી ચીમનભાઈને કરવી પડી હતી જેમાં એક કોંગ્રેસના સી.ડી.પટેલ હતા અને બીજા તેમના જોડીદાર નરહરિ અમીન હતા. સત્તાકાળ દરમ્યાન કોંગ્રેસી નેતા અને નાયબ મુખ્યમંત્રી સી.ડી.પટેલ અને પર્યાવરણ મંત્રી -વિણસિંજી જાડેજાને મતભેદ પડતા રાજીનામું આપ્યું હતું. સી.ડી.પટેલ ઉંચા ગજાના નેતા હતા. તેમની પાસે ગૃહખાતાનો ચાર્જ હતો. પોલીસ ઓફિસરના મુદ્દે તેઓ ચીમનભાઈ સાથે ઝઘડી પડ્યા હતા. રાજયસભાની ચૂંટણી દરમ્યાન ચીમનભાઈના સત્તાવાર કેન્ડિડેટ જે.વી.શાહને ભાજપના શંકરસંહિ વાઘેલાએ હરાવી દેતાં ચીમનભાઈને રાજકીય ટેન્શન થઈ ગયું હતું અને તેનો આઘાત સહન નહી થતાં એવું કહેવાય છે કે ૧૭મી ફેબ્રુઆરી-૧૯૯૪ના રોજ મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલનું એકાએક અવસાન થયું હતું. ગુજરાતની જનતાએ રાજકારણના એક શક્તિશાળી નેતા ગુમાવ્યા હતા.

ચીમનભાઈએ બે વખત મુખ્યમંત્રીપદ મેળવીને ગુજરાતમાં ૧૬૫૩ દિવસ તેમનું શાસન ચલાવ્યું હતું. તેમની સ્મશાનયાત્રામાં તત્કાલિન વડા-ધાન સહિત મહારાષ્ટ્ર, મધ્ય-દેશ, ઓરિસ્સા, રાજસ્થાન, બિહાર, કર્ણાટક વગેરે રાજયોના મુખ્યમંત્રીઓ તથા માજી -ધાનમંત્રી સહિત દેશની હસ્તીઓએ ભાગ લીધો હતો આ તેમની લોકપ્યિતા અને કક્ષાનો ખ્યાલ આપે છે. (ક્રમશઃ)